# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮, "માધવ પ્લાઝા", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર-૩૬૧૦૦૧.
મો. : ૯૪૨૬૭૩૦૭૭૭ E-mail : info@lpucchkelavani.org Website : www.lpucchkelavani.org

તારીખ : ૧૩/૧૦/૨૦૨૬

"આર્થિક રીતે નબળા વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃત્તિ યોજના"
હેઠળની રકમ મેળવવા માટે આવેલ અરજી તેમજ રકમ મંજૂર કરવામાં આવેલ છે તે અંગેની

## જાણ કરતો "મંજૂરી પત્ર" સને ૨૦૨૬-૨૭

પ્રિય ભાઈશ્રી/બહેનશ્રી,

જય ભોજલરામ અને જય સરદાર સહ સવિનય જણાવવાનું કે, આપશ્રીએ ચાલુ શૈક્ષણિક વર્ષ સને ૨૦૨૬-૨૭ માટે આ મંડળમાંથી "આર્થિક રીતે નબળા વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટે અરજી કરેલ છે તેના અનુસંધાને ચાલુ શૈક્ષણિક વર્ષ સને ૨૦૨૬-૨૭ માં "ઉચ્ચ અભ્યાસક્રમ" માટે નીચે જણાવ્યા મુજબના જે અભ્યાસક્રમ કરતાં હોય તે માટે તેમજ તે અભ્યાસક્રમના નામ સામે જણાવેલ રકમ "આર્થિક રીતે નબળા વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટે આવેલ અરજી તેમજ રકમ મંજૂર/નામંજૂર કરવા માટેની "ભલામણ સમિતિ" ની એક બેઠક મળનાર છે. તેમાં આ મંડળને આપશ્રીએ કરેલ અરજીમાં તેમજ હવે રજૂ કરશો તેની વિગતોની વિગતવાર ચકાસણી કરવાની શરતે આપશ્રીની અરજી તથા રકમ મંજૂર કરવામાં આવેલ છે.

**(ક) "શિષ્યવૃત્તિ યોજના" હેઠળની વાર્ષિક કેટલી રકમ, કયા અભ્યાસક્રમ માટે મંજૂર કરેલ છે તેની વિગત નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબની છે જે સને ૨૦૨૬-૨૦૨૭ ના "શૈક્ષણિક વર્ષ" માટે જ.**

| ક્રમાંક | અભ્યાસક્રમનું નામ | મંજૂર કરેલ વાર્ષિક રકમ રૂપિયા | ક્રમાંક | અભ્યાસક્રમનું નામ | મંજૂર કરેલ વાર્ષિક રકમ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૦૧ | મેડીકલ...એમ.બી.બી.એસ. | ૮,૦૦૦ | ૧૨ | કોમ્પ્યુટર..... બી.સી.એ. | ૫,૦૦૦ |
| ૦૨ | મેડીકલ...બી.ડી.એસ.(ડેન્ટલ) | ૮,૦૦૦ | ૧૩ | વિજ્ઞાન...એમ.એસસી. | ૫,૦૦૦ |
| ૦૩ | મેડીકલ...બી.એ.એમ.એસ.(આયુ.) | ૮,૦૦૦ | ૧૪ | વિજ્ઞાન...બી.એસસી. | ૫,૦૦૦ |
| ૦૪ | મેડીકલ...બી.એચ.એમ.એસ.(હોમીયો.) | ૮,૦૦૦ | ૧૫ | ખેતીવાડી...બી.એસસી.(એગ્રી) | ૫,૦૦૦ |
| ૦૫ | મેડીકલ...બી.ફીઝીઓ. | ૮,૦૦૦ | ૧૬ | ખેતીવાડી...હોર્ટીકલ્ચર(એગ્રી) | ૫,૦૦૦ |
| ૦૬ | ઈજનેરી/આર્કિટેક...બી.ઈ./એમ.ઈ. | ૮,૦૦૦ | ૧૭ | કોમર્સ...એમ.કોમ. | ૫,૦૦૦ |
| ૦૭ | ઈજનેરી...ડી.ઈ.(ડીપ્લોમા) | ૫,૦૦૦ | ૧૮ | કોમર્સ...બી.કોમ./બી.એડ. | ૫,૦૦૦ |
| ૦૮ | ફાર્મસી...બી.ફાર્મસી | ૫,૦૦૦ | ૧૯ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ(સી.એ.) | ૫,૦૦૦ |
| ૦૯ | બીઝનેસ...એમ.બી.એ. | ૫,૦૦૦ | ૨૦ | એલ.એલ.એમ./પી.એચ.ડી. | ૫,૦૦૦ |
| ૧૦ | બીઝનેસ...બી.બી.એ. | ૫,૦૦૦ | ૨૧ | આર્ટસ...બી.એ./એમ.એસ.ડબલ્યુ. | ૫,૦૦૦ |
| ૧૧ | કોમ્પ્યુટર...એમ.સી.એ. | ૫,૦૦૦ | ૨૨ | કંપની સેક્રેટરી(સી.એસ.) | ૫,૦૦૦ |

ઉપરોક્ત જણાવેલ કોઠાની વિગતે "આર્થિક રીતે નબળા વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃત્તિ યોજના" હેઠળની જે તે અભ્યાસક્રમના નામ સામે જણાવેલ રકમ ફક્ત સને ૨૦૨૬-૨૦૨૭ ના શૈક્ષણિક એક વર્ષ માટે જ આથી મંજૂર કરવામાં આવેલ છે જેની ખાસ નોંધ લેશો.

(ખ) આ મંડળની વેબસાઈટ **www.lpucchkelavani.org** ઉપર "અભ્યાસક્રમ" પ્રમાણેની "શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટે આવેલ અરજીઓ તેમજ રકમ "નામંજૂર" કરવામાં આવેલ છે તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોના પૂરા નામની યાદી "અભ્યાસક્રમ" પ્રમાણે રાખવામાં આવેલ છે તે યાદીમાં જેમના નામ ન હોય તેવા સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનોની કરેલ અરજીઓ "મંજૂર" કરવામાં આવેલ છે તેમ સમજવાનું છે અને આ પત્રમાં નીચે જણાવ્યા મુજબની સૂચનાઓ નિયત કરેલ સમય મર્યાદામાં અમલ કરી જણાવેલ એડવાન્સ-પહોંચ તેમજ આધારો પહોંચતા કરવાના રહેશે. જેમના તરફથી પહોંચ તેમજ આધારો મળશે તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોને જ તેમના નામના **RTGS** થી સીધા વિદ્યાર્થી ભાઈ-બહેનોના જ બેંક ખાતામાં જમા કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

(ગ) આ "મંજૂરી પત્ર" જે વેબસાઈટ પર રાખવામાં આવેલ છે તે વાંચી, સમજી, વિચારી **તારીખ : ૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં અમોને બિનચૂક મળે તે રીતે નીચે જણાવ્યા મુજબના પત્રકો પુરી વિગતો ભરીને આધારો સહ મોકલવાના છે તેની વિગત.

(૦૧) "શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મંજૂર કર્યાનો પત્ર વાંચ્યા બાદ જ મોકલવાનું "પત્રક નંબર-૦૨" સંપૂર્ણ ભરીને અસલમાં જેમાં પત્રક નંબર-૦૨(ચાલુ)" ચેક મળ્યાની એડવાન્સ પહોંચ" માં પણ સંપૂર્ણ વિગત ભરી આપશ્રીનો ફોટો લગાવી જે તે કોલેજના પ્રિન્સીપાલશ્રીના સહી સિક્કા કરાવી અને આપશ્રીની સહી કરી અમોને અસલમાં મોકલશો.

(૦૨) આપશ્રી જે તે કોલેજમાં ચાલુ શૈક્ષણિક વર્ષ સને ૨૦૨૬-૨૦૨૭ માં અભ્યાસ કરતાં હો તે કોલેજના પ્રિન્સીપાલશ્રીના સહી તથા સિક્કા સાથેનું આ પત્ર મળ્યા બાદની તારીખે કઢાવેલ "કોલેજ બોનાફાઈડ સર્ટીફીકેટ" ની છેકછાક વગરની જેમાં વર્ષ, સેમેસ્ટર ક્રમાંક, વિભાગ વિગેરે લખેલની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ ખરી નકલ એક. (સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૩) આપશ્રીએ "અરજી પત્રક-૦૧" મોકલ્યા બાદ વાર્ષિક/સેમેસ્ટર પરીક્ષાનું જો કોઈ પરીણામ બહાર પડેલ હોય તો તેના ગુણપત્રકની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ ખરી નકલ એક. (સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૪) આપશ્રીએ "અરજી પત્રક-૦૧" મોકલ્યા બાદ વાર્ષિક/સેમેસ્ટર પરીક્ષાનું જો કોઈ પરીણામ બહાર પડેલ ન હોય તો જે તે વિદ્યાર્થીએ લેખિતમાં પત્ર "પત્રક-૦૨(ચાલુ)" સાથે મોકલી રજુઆત કરવાની રહેશે.

સ્થાપના તારીખ : ૧૧-૦૫-૧૯૪૪ "યજ્ઞ, દાન અને તપ મનુષ્યને પાવન કરનારા છે" પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ-૬(અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

**૧૧૮, "માધવ પ્લાઝા", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર-૩૬૧૦૦૧.**
**મો. : ૯૪૨૬૭૩૦૭૭૭ E-mail : info@lpucchkelavani.org Website : www.lpucchkelavani.org**



**(ઘ) અન્ય અગત્યની ખાસ સૂચનાઓ :**

(૦૧) આપશ્રીએ જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તે જ અભ્યાસક્રમ માટે મંજૂર કરેલ રકમની એક જ "ચેક મળ્યાની / **RTGS - NEFT** દ્વારા બેંક ખાતામાં જમાંની એડવાન્સ પહોંચ પત્રક નંબર-૦૨(ચાલુ)" માં ભરી અસલ આપશ્રીની સહી સાથેની મોકલવાની રહેશે.

(૦૨) ક્રમાંક(ગ)માં જણાવેલ ક્રમાંક : ૦૧ થી ૦૪ માં જણાવેલ આધારો અમોને **તારીખ : ૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં ઉપરોકત સરનામે મળે તે રીતે બિનચૂક મોકલવાના રહેશે.

(૦૩) ક્રમાંક(ગ) માં જણાવેલ ક્રમાંક : ૦૧ થી ૦૪ માં જણાવેલ આધારો અમોને **તારીખ : ૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં ઉપરોકત સરનામે મળશે નહિ તો તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમના નામનો "પેઈઝ એકાઉન્ટ ચેક" મોકલવામાં આવશે નહિ અથવા **RTGS** થી સીધા વિદ્યાર્થી ભાઈ-બહેનોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.

(૦૪) ઘણા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દા.ત., સેમેસ્ટર-૬ ની પરીક્ષા આપેલ હોય અને પરીણામ જાહેર થયેલ ન હોવાથી સેમેસ્ટર-૬ ની પરીક્ષાના ગુણપત્રકની નકલ મોકલાવેલ નથી પરંતુ આવા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સેમેસ્ટર-૫ ની પરીક્ષા આપેલ છે અને પરીણામ પણ બહાર પડી ગયેલ છે તેમને સેમેસ્ટર-૫ ની પરીક્ષાના ગુણપત્રકની નકલ અરજીપત્રક-૦૧ સાથે સામેલ રાખેલ નથી તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ છેલ્લે જે સેમેસ્ટરની પરીક્ષા આપેલ હોય અને પરીણામ બહાર પડી ગયેલ હોય તે વાર્ષિક/સેમેસ્ટર પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ ખરી નકલ ક્રમાંક (ગ) માં જણાવેલ આધારો સાથે મોકલવી ફરજીયાત છે. (સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૫) દા.ત., "કોલેજ બોનાફાઈડ સર્ટીફીકેટ" માં બી.ઈ. સેમેસ્ટર-૬ માં સને ૨૦૨૪-૨૫ માં અભ્યાસ કરે છે તેવું દર્શાવેલ હોય તો બી.ઈ. સેમેસ્ટર-૫ ની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ મોકલવી ફરજીયાત છે. જો પરીણામ જાહેર થયેલ ન હોય તો જયારે જાહેર થાય ત્યારે સેમેસ્ટર-૫ની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ મોકલવાની રહેશે. (સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ પણ માન્ય ગણવામાં આવશે.)

(૦૬) પ્રમાણિત કે સ્વ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સિવાય કોઈપણ નકલ માન્ય રાખવામાં આવશે નહિ.

(૦૭) કોઈપણ પરીણામની ઈન્ટરનેટ કોપી સ્વ પ્રમાણિત કરી મોકલવામાં આવશે તો માન્ય રાખવામાં આવશે.

(૦૮) "અરજીપત્રક-૦૧" સાથે સામેલ રાખેલ છે તે અને હવે રજુ કરશો તે આધારોની વિગતે ચકાસણી કરતાં જો માહિતી-આધારો ખોટા છે તેમ માલુમ પડશે તો મંજૂર કરેલ અરજી તથા રકમ નામંજૂર કરવામાં આવશે અને ચેક આપવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેશો.

(૦૯) "શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટે દર વર્ષે નવા કે જુના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ "કોરા અરજીપત્રક સેટ" દર વર્ષે તારીખ : પહેલી જુન થી તારીખ : એકત્રીસમી ઓગષ્ટ સુધીમાં આ મંડળની વેબસાઈટ **www.lpucchkelavani.org** ઉપરથી ડાઉનલોડ કરી અને દર વર્ષે તારીખ : પહેલી જુન થી તારીખ : એકત્રીસમી ઓગષ્ટ સુધીમાં "ભરેલ અરજીપત્રકો" આધારો સહ ઉપરોકત સરનામે મળે તે રીતે મોકલવાના રહેશે જેની ખાસ નોંધ લેશો.

(૧૦) કોલેજમાં પ્રવેશ મળેલ હોય કે મળેલ ન હોય તો પણ અરજી પત્રક-૦૧ જરૂરી આધારો સહ નિયત કરેલ સમય મર્યાદામાં આ મંડળને ઉપરોકત સરનામે મળે તે રીતે દર વર્ષે મોકલવાનું રહેશે જેની ખાસ નોંધ લેશો.

(૧૧) દર વર્ષે "શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટેની આવેલ અરજીઓ તથા રકમ મંજૂર/નામંજૂર કરવા માટેની "ભલામણ સમિતિ" ની બેઠક સામાન્ય રીતે માહે સપ્ટેમ્બરના બીજા સપ્તાહના અંતે મળશે અને ત્યારબાદ તુરત જ અરજીઓ મંજૂર/નામંજૂર કરેલ પત્રો આ મંડળની વેબસાઈટ **www.lpucchkelavani.org** ઉપર રાખવામાં આવેશ. કોઈ પણ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અરજી મંજૂર/નામંજૂરના પત્રો ટપાલ/કુરીયર દ્વારા મોકલવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેશો.

(૧૨) આ મંડળની વેબસાઈટ ઉપર "અરજીઓ મંજૂર" કરવામાં આવેલ છે તેની "અભ્યાસક્રમ" પ્રમાણેની જે યાદી રાખેલ છે તેમાં જે વિદ્યાર્થી ભાઈ-બહેનોના નામ જણાવેલ છે તે પૈકીના કોઈપણ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પત્રક-૦૨(ચાલુ) "ચેક મળ્યાની એડવાન્સ પહોંચ" માં વિગતો ભરી મોકલવાનું નથી.

આપના શુભેચ્છક,

**શ્રી ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ** — મહામંત્રી,

**શ્રી રામજીભાઈ શામજીભાઈ પટેલ** — પ્રમુખ,

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ, જામનગર.**

- **જય ભોજલરામ અને જય સરદાર સહ વિનય જાણ તેમજ યોગ્ય અમલ કરવા સારૂ :**
- **આ મંડળ દ્વારા આપવામાં આવતી "આર્થિક રીતે નબળા વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃત્તિ યોજના" હેઠળની રકમ મેળવવા માટેની અરજી કરેલ છે અને જેઓની અરજી 'મંજૂર' કરવામાં આવેલ છે તેવા સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે.**